# શહેરમાં વધુ એક કેસ : જર્મનીથી આવેલી પાંચ વર્ષની બાળકીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાનો આજે સતત ચોથા દિવસે વધુ એક કેસ નોંધાયો છે. આ ઓમિક્રોમનો શંકાસ્પદ કેસ હોવાનું મનાઈ રહ્યું છે. તંત્રએ આ દર્દીના નમૂના લઈ અને તપાસ માટે ગુજરાત બાયોટેક રિસર્ચ સેન્ટરમાં મોકલ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં નવા સમાવિષ્ટ સુઘડ ગામેથી આજે પાંચ વર્ષના બાળકીનો રિપોર્ટ પોઝીટીવ જણાતાં તેનો ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ બાળક જર્મનીથી આવ્યુ છે. પાંચ દિવસ પહેલા જ આ બાળક આવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે આ બાળકીમાં હાલ તો કોરોનાના કોઈ જ લક્ષણો દેખાતા નથી. બાળકીની તબિયત સ્થિર હોવાનું જણાવાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં આજના આ કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૨૩ પર પહોંચી છે.

**સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ : ઓમિક્રોનનો શંકાસ્પદ કેસ જણાતાં તંત્રએ સેમ્પલ ગુજરાત બાયોટેક રિસર્ચ સેન્ટરમાં તપાસ માટે મોકલ્યા**

શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્ર હવે ચિંતાતુર બન્યુ છે. શહેરમાં પાંચ વર્ષની બાળકીનો આજે કેસ મળતાં તંત્ર પણ ચોંક્યુ છે. બાળકીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જો કે તંત્ર હજુ આ મુદ્દે કોઈ સત્તાવાર રીતે બોલવા નથી માંગતુ માત્ર કોરોનાનો કેસ હોવાનું જણાવી રહેલ છે.

ગાંધીનગર શહેરમાં સઘન સર્વેલન્સના આદેશોની સાથે સાથે તંત્રએ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી કડક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

લગ્નસરાની સિઝન હોવાથી સોશ્યલ ડિસ્ટન્સીંગ નહિ જળવાતુ હોવાથી અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારીમાં લોકોની બેફિકરાઈએ તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં વધેલા કેસોમાં મોટાભાગના દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા મળી આવ્યા છે. શહેરમાં હાલ આજના આ કેસ સાથે એક્ટીવ દર્દીઓની સંખ્યા વધીને ૧૧ થઈ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન અને ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી માટે પણ તાકીદ કરી છે.

શહેરમાં આજે વધુ એક દર્દી કોરોનામુક્ત થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

## કલોલ તાલુકામાં શાંતિગ્રામ અદાણીના 'લા મરીના'માં ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ સાત દિવસ બાદ આજે એક કોરોનાનો કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસને પગલે તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકામાં આ કેસ નોંધાયો છે. ધાનજ પ્રા.આ. કેન્દ્રની હદમાં આવેલ શાંતિગ્રામ અદાણીના લા મરીનામાં આ કેસ નોંધાયો છે.

૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ વેક્સિનના બન્ને ડોઝ લીધા હોવાનું પણ જાણવા મળેલ છે. તંત્રની પ્રાથમિક તપાસમાં આ મહિલાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી પરંતુ તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે.

ગ્રામ્ય વિસ્તારમાં હાલ બે એક્ટીવ કેસ સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ થાય તે જોવા જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં ધીમી ગતિએ કેસો મળવાના શરૂ થયા હોવાથી તંત્ર પણ હવે સતર્ક બન્યું છે.

તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે જોવા તંત્રને જણાવ્યુ છે. જિલ્લામાં હાલ ૧૧૦ લોકો હોમ ક્વલોરોન્ટાઈન હેઠળ છે. આજે મળેલ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

# વાઈબ્રન્ટમાં ભાગ લેનાર સૌનું સ્ક્રીનીંગ અને વેક્સિનેશનનું વેરીફીકેશન કરાશે

**મહાત્મા મંદિરે ખાસ ઓ.પી.ડી. સેન્ટર પણ ઉભુ કરાશે**
**૩ થી વધુ એમ્બ્યુલન્સ પણ હાજર રાખવામાં આવશે**

ગાંધીનગર, તા. ૧૩

આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટને પગલે મહાત્મા મંદિરના તમામ દરવાજાઓ પર કોરોના અંગે સ્ક્રીનીંગ કરવામાં આવશે.

આરોગ્ય વિભાગ દ્વારા આ માટે તંત્રને તૈયારીઓ કરવાની સૂચનાઓ પણ આપી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે તંત્ર દ્વારા સ્ક્રીનીંગ માટે ખાસ ટીમો બનાવવામાં આવશે.

દરેક પ્રવેશદ્વાર પર થર્મલ ગનથી ટેમ્પરેચર માપવામાં આવશે એટલુ જ નહિ મહાત્મા મંદિરમાં ચારે બાજુ સેનેટાઈઝર પણ મુકવામાં આવશે.

૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાયબ્રન્ટ સમીટ અંગેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર ખાતે ખાસ ઓ.પી.ડી. પણ શરૂ કરવામાં આવશે જેમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ હશે. આ ઉપરાંત ત્રણ જેટલી ખાસ એમ્બ્યુલન્સ પણ અહિ ફરજ પર રાખવામાં આવશે.

વાયબ્રન્ટ સમીટની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. ખ-રોડના બ્યુટીફીકેશનની કામગીરી મનપાતંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત સ્વચ્છતા માટે પણ મનપા દ્વારા આસપાસના સેક્ટરોમાં સઘન અભિયાન હાથ ધરાયુ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો વધી રહ્યા છે તો રાજ્યમાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. આથી સતર્ક બનેલ સરકારે આરોગ્ય વિષયક સેવાઓ પણ મહાત્મા મંદિર ખાતે વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ઉભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે તમામ પ્રવેશ દ્વાર વેક્સિનના બન્ને ડોઝ લીધા છે કે નહિ તેના પ્રમાણપત્રની પણ ચકાસણી કરવામાં આવનાર છે. સ્ક્રીનીંગ અને ચકાસણી માટે અલગ-અલગ કર્મચારીને જવાબદારી સોંપવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

વાયબ્રન્ટ સમીટને પગલે તંત્રમાં પણ બેઠકોનો ધમધમાટ વધી ગયો છે તેમજ તૈયારીઓમાં વેગ આવ્યો છે.

# જિલ્લાની ૬૦ ગ્રામ પંચાયતના ૭૧ વોર્ડમાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નહિ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં આગામી ૧૯મી ડિસેમ્બરના રોજ યોજાનાર ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં ૭૧ વોર્ડ એવા છે જેમાં એક પણ ઉમેદવાર દ્વારા ઉમેદવારીપત્ર ન ભરાતાં તે ખાલી રહ્યા છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીનું પ્રચાર અભિયાન હાલ પૂરજોશમાં આગળ વધી રહ્યુ છે. જાહેર પ્રચાર તેમજ સોશ્યલ મિડિયા થકી પ્રચાર અભિયાનની સાથે સાથે મિત્રમંડળની રાજનીતિએ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ગરમાવો લાવી દીધો છે.

કેટલાક ગામોમાં તો પ્રચાર અભિયાનમાં સગા-વ્હાલાઓને પણ તેડાવવામાં આવ્યા છે. મહોલ્લા બેઠકો યોજી અને પ્રચાર અભિયાનમાં ઉત્તેજનાઓ ફેલાયેલી જોવા મળી રહી છે.

જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયા પછી જે વિગતો મળી છે તેમાં પાંચ ગ્રામ પંચાયતો અંશતઃ સમરસ થઈ છે.

**પંચાયતની ચૂંટણીનું પ્રચાર અભિયાન પૂરજોશમાં**

તો હવે ૭૧ વોર્ડ એવા છે જ્યાં એક પણ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી નથી. ૬૦ પંચાયતના ૭૧ વોર્ડ આવા છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાની પાંચ ગ્રામ પંચાયતો, માણસાની ૪ ગ્રામ પંચાયતો, દહેગામની ૨૯ ગ્રામ પંચાયતો અને ગાંધીનગરની ૨૨ ગ્રામ પંચાયતોમાં આ વોર્ડ આવેલા છે.

કલોલ તાલુકામાં પાંચ ગ્રામ પંચાયતના ૭ વોર્ડ, માણસાની ૪ ગ્રામ પંચાયતના ૫ વોર્ડ, દહેગામની ૨૯ પંચાયતના ૩૬ વોર્ડ તેમજ ગાંધીનગરની ૨૨ ગ્રામ પંચાયતના ૨૩ વોર્ડ મળી કુલ ૭૧ વોર્ડમાં ઉમેદવારી ન નોંધાતા આ માટે હવે પેટા-ચૂંટણીઓ યોજાશે.

જિલ્લામાં આ વખતે ૨૨ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે જે ગત વખતની સામાન્ય ચૂંટણી વખતે થયેલી સમરસ ગ્રામ પંચાયતો કરતાં વધુ છે. જેમાં માણસાની ૧૧, દહેગામની ૯ અને ગાંધીનગરની બે પંચાયતોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં સરપંચ પદ માટે ૫૩૯ અને વોર્ડ બેઠક માટે ૧૩૨૩ ઉમેદવારો મેદાનમાં છે. રવિવારે આ જંગ માટે મતદાન થશે અને ૨૧મીએ મતગણતરી યોજાશે.



શહેરમાં એકબાજુ નવા ઉદ્યાનોના નિર્માણ માટે કોર્પોરેશને તોતિંગ ખર્ચ કરીને હરિયાળી નિખારવા માટે કામગીરી હાથ ધરી છે. હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને પણ નગરની હરિયાળી અને સુંદરતા ઔર નિખરે તે માટે પણ પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં હજુ ઉજ્જડ દ્રશ્યો આંખ સામે આવી રહ્યા છે. સે-૨૧ માં પણ વેરાન હાલતમાં જોવા મળતા આ વિસ્તારમાં રમતગમતના તુટેલી સાધનોનો કાટમાળ વચ્ચે હરિયાળી પણ અદ્રશ્ય થઈ ગઈ છે. સેકટરામાં નવા બગીચાઓના નિર્માણ માટે લાખોનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં સેકટરના શોપિંગની જેમ હવે રહેણાંક વિસ્તાર નજીક પણ પાંગરતી દુવિધાઓ સ્થાનિકોની આંખમાં ખુંચી રહી છે. આ વિસ્તારમાં કાટમાળની જેમ પડેલા તુટેલા સાધનો પણ દુર કરાયા નથી જયારે હરિયાળી અને સુંદરતા નિખરે તે માટે પણ ત્વરિત કામ હાથ ધરાય તેવી સ્થાનિકોની માંગણી છે.


India's second largest pharmacy retailer.*
Also, the **first pharmacy retailer** in India to offer an **omni-channel platform.****




- Successful track record of expansion using a distinct cluster-based and replicable store unit expansion approach; grew from 48 stores at conception to 2,165 stores, as of June 30, 2021**
- Well-established brand positioned to stand for genuine and good quality pharmaceutical products that are offered at affordable prices
- Ability to consistently deliver compelling value propositions such as 2-hour delivery to customers
- Well positioned to benefit from India's fast growing e-commerce pharmacy retail market that's expected to touch ₹230,000 million by 2025, according to the Technopak Report

***According to the Technopak Report*
**In terms of (i) revenue from operations for the financial year 2021, and (ii) number of stores as of March 31, 2021, according to the Technopak Report*

**MEDPLUS HEALTH SERVICES LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP dated December 3, 2021 with RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Credit Suisse Securities (India) Private Limited, Edelweiss Financial Services Limited and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.axiscapital.co.in, www.credit-suisse.com, www.edelweissfin.com and www.nomuraholdings.com/company/group/asia/india/index.html, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see the section entitled "Risk Factors" on page 30 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision and such investment decision must be made solely on the basis of the Red Herring Prospectus filed with the RoC.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), or any state law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) pursuant to Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 477


# ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને જીવંત કરવા ટુંકમાં આયોજન કરાશે

**જન આરોગ્ય સુખાકારી અને પ્રદુષણ મુકિતના અભિગમ સાથે શરૂ કરાયેલો ગુડાનો સાયકલ શેરિંગ પ્રોજેક્ટ બંધ : કોર્પોરેશન સેકટરામાં ફરી સાયકલની ટ્રીન ટ્રીન સંભળાય તે દિશામાં આયોજન કરશે : ગુડાએ વર્ષ ૨૦૧૬ માં ૧૦ સ્ટેન્ડ અને ૧૦૦ સાયકલ સાથે સાયકલ શેરિંગ શરૂ કર્યુ હતુ**

ગાંધીનગર તા ૧૩

ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટને હવ પુન જીવિત કરાશે ગુડા વિસ્તારને કોર્પોરેશનમાં ભેળવી દેવાતા ગુડાએ આ પ્રાજેકટ બંધ કર્યો છે. એક સમયે આ પ્રોજેકટના આધારે રોજ ૯૦૦ થી વધુ નાગરિકો સાયકલ સવારી કરતા હતા જયારે હાલ સાયકલ સ્ટેન્ડ પણ બંધ થઈ ગયા છે. ત્યારે હવે કોર્પોરેશન આ પ્રોજેકટ અન્વયે નાગરિકોને સાયકલ સવારી નસીબ થાય તે દીશામાં કામગીરી હાથ ધરશે

ગુડા દ્વારા વર્ષ ૨૦૧૬ માં શહેરમાં ૧૦ સ્ટેન્ડ પર ૧૦૦ સાયકલથી સાયકલ શેરીંગ પ્રોજેકટ શરૂ કરાયો હતો. જયારે નગરજનો સાયકલનો વિશેષ ઉપયોગ કરતા હોવાનુ સ્પષ્ટ થતા ગુડાએ આ પ્રોજેકટ અન્વયે વર્ષ ૨૦૧૯ માં સાયકલની સંખ્યા વધારીને ૫૦૦ કરી દેવામાં આવી હતી જયારે આ માટે વધુ નવા ૨૦ સ્ટેન્ડ ઉભા કરાયા હતા જેથી સ્ટેન્ડ પણ ૩૦ થયા હતા. આમ નાગરિકોની આરોગ્ય સુખાકારી અને પર્યાવરણ બચાવોના અભિગમ સાથે શરૂ કરાયેલી આ યોજના હાલ ઠપ્પ થઈ ગઈ છે. ગુડા વિસ્તારને કાર્પોરેશનમાં ભેળવી દેવાતા હાલ આ સાયકલ સ્ટેન્ડને તાળા વાગી ગયા છે. આ યોજના અન્વયે સવારે ૬ થી ૧૦ નિશુલ્ક અને ત્યારબાદ રાત્રિના ૯ વાગ્યા સુધી કલાકના રૂ ૫ નુ ભાડુ વસુલી સાયકલ આપવામાં આવતી હતી. જયારે મૃતપાય બનતા આ પ્રોજેકટને પુન : જીવિત કરવા માટે મહાનગરપાલિકાએ કામ શરૂ કર્યુ હોવાનુ પમ ગુડાના અધિકારીએ જણાંવ્યુ છે.

જી બાઈક સાયકલ શેરિંગ પ્રોજેકટને નાગરિકોનો પણ યોગ્ય પ્રતિસાદ મળતા સેકટરવાસીઓ વિશેષ સંખ્યામાં સાયકલનો ઉપયોગ કરતા હતા સેકટરોમાં પણ ટ્રીન ટ્રીન ગ્રીન ગ્રી પ્રોજેકટ અન્વયે સાયકલ સવારીનો ટ્રેન્ડ વધુ મજબુત બન્યો હતો. જેના અંતે પ્રતિદિન સાયકલ લઈ જનારા નાગરિકોની સંખ્યા ૯૦૦ થી પણ વધુ પહોંચી હતી. જયારે હવે ગુડાએ આ પ્રોજેકટ બંધ કરી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કર્યો નથી. સાયકલ શેરિંગ પ્રોજેકટ અન્વયે જે વિસ્તાર આવરી લેવામાં આવ્યા હતા તે તમામ હવે કાર્પોરેશનની હદમા સમાવિષ્ટ છે.

ગુડા દ્વારા આ પ્રોજેકટ ઉભો કરવા માટે સવા કરોડથી વધુ ખર્ચ કરવામા આવ્યો છે જયારે આ માટે નવી સાયકલ અને સ્ટેન્ડ પણ ઉભા કરાય હતા. આગામી દિવસોમાં કોર્પોરેશન આ ખર્ચ વ્યર્થ ન જાયે તે મુજબ કામગીરી કરશે તેમ પણ મનાઈ રહ્યુ છે. ગુડાએ આ માટે જી બાઈક એપ્લિકેશન તૈયાર કરાઈ હતી. ત્યારે હવે આગામી દિવસોમાં સાયકલ તેમજ સાયકલ સ્ટેન્ડના જરૂરી રીપેરીંગ કરી ગુડાએ કરેલો ખર્ચ વ્યર્થ ન જાય તે દિશામાં કોર્પોરેશન પણ પ્રોજેકટને પુન : જીવિત કરવાની દીશામાં કાર્યવાહી કરશે

# આર ટી ઓ કચેરીના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકની કસોટી પાસ કરવાનુ અરજદારો માટે હજુ કપરુ

**પ્રતિદિન ૧૦૦ થી વધુ અરજદારો ટ્રેક પર ટેસ્ટ આપે છે જેમાંથી ૩૫ ટકા અરજદારો ગોથે ચઢે છે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર પ્રતિદિન ૧૦૦ થી વધુ અરજદારો ટચેસ્ટ આપે છે. જયારે આ પૈકી ૩૫ ટકા અરજદારો માટે આ કસોટી એક જ પ્રયાસે પાસ કરવાનુ મુશ્કેલ બને છે. ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકને અનુલક્ષી જરૂરી રીપેરીંગ સહીત પટ્ટા લગાવાનુ કામ પણ આગામી દિવસામાં કરવામાં આવશે. જયારે ટ્રેકની કસોટી પાર કરવા માટે નજીકમાં પ્રેકટીસ માટે નિર્માણ કરાયેલા ટ્રેકનો પણ અરજદારો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વાહનચાલકોને ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર કસોટી પાર કરી લાયસન્સ ઈશ્યુ કરવામાં આવે છે. રાજયમાં પ્રથમ ગાંધીનગરમાં આ મુજબનો ટ્રેક શરૂ કરાયો હતો જેના આધારે વાહનચાલકો વધુ કુશળ ડ્રાઈવર બની માર્ગો પર વાહન દોડાવે તેવા પ્રયાસ સાથે લાયસન્સ માટે ટેસ્ટ ફરજિયાત કરવામાં આવ્યો છે. હાલ પણ પ્રતિદિન ૧૫૦ જેટલા અરજદારો ટુ વ્હીલર તેમજ ફોર વ્હીલરના લાયસન્સ માટે ટ્રેક પર કસોટી આપે છે. જો કે અગાઉ આ ટ્રેકને અનુલક્ષી કસોટી આપતા ઘણાંખરા અરજદારો નાપાસ થતા હતા ટ્રેક પર કારને રીવર્સ કરતી વેળાએ કે આંઠડો કરવામાં પણ વાહનચાલકો ગફલતમાં રહી જતા ટ્રેક પર કસોટી પાર કરવાનુ મુશ્કેલ બન્યુ હતુ અગાઉ આ ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકની કસોટીમાં ૪૦ ટકાથી વધુ અરજદારો કસોટી પાર કરી શકતા ન હતા ટ્રેક પર લાગેલા સેન્સરના લીધે ડ્રાઈવીંગમાં થતી ભુલો પૈડા પરની જિન્દગી માટે જોખમી ન બને તે માટે અરજદારોએ ફરી કસોટી આપવી પડે છે ત્યારે હવે ડ્રાઈવીગ ટેસ્ટીંગ ટ્રેકને અનુલક્ષી આર ટી ઓ કચેરીની બાજુમાં પ્રેકટીસ કરવા માટે પણ અન્ય ટ્રેક બનાવામા આવ્યો છે. જેના લીધે વાહનચાલકોને આ પ્રકારની કસાટી માટે ટ્રેક પર વાહન ચલાવી અનુભવ લેવાનુ પણ સરળ બન્યુ છે. આર ટી ઓ કચેરીના ટ્રેક પર હાલ પ્રતિદિન ૧૦૦ થી વધુ અરજદારો ટેસ્ટીંગ ટ્રેક પર હાથ

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં કોરોનાના નવા ૫૮ કેસ

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં આજે રાજ્યનાં નવા ૫૮ કેસ નોંધાયા છે. તો ૫૬ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૭,૫૪૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ વધીને ૯૮.૭૧ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે કુલ ૨,૫૬,૪૫૨ રસીના ડોઝ અપાયા હતા.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૫૪૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૪૪ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૭,૫૪૩ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જ્યારે ૧૦૦૯૯ નાગરિકોનાં કોરોનાને કારણે કુલ મોત થયા છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com